કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની આઈ.સી.ડી.એસ. કચેરી હેઠળની વિવિધ કક્ષાની કચેરીઓ (**RDD**, **PO** તથા ઘટક કચેરી) માટે આઈ.ટી. સંબંધિત આઇટમ ડેસ્કટોપ કોમ્પ્યુટર નંગ – ૫૬૧ નંગ ખરીદવા માટે કુલ રૂ. ૨૪૧.૯૪૮૦૮ લાખની રકમ ગુજરાત સ્ટેટ ફાઇનાનન્સીયલ સર્વિસીસ લી. (**GSFS**) ખાતે પાર્ક કરવા મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/IMR/e-file/23/2024/0360/B (ICDS)**

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લિધા:

(૧) કમિશ્નરશ્રી(આઈ.સી.ડી.એસ.), મહિલા અને બાળ વિકાસની કચેરી ગાંધીનગરના તા: ૧૯/૦૩/૨૦૨૪ના પત્ર ક્રમાંક **: ICDS/PITI/e-file/257/2023/0679/IT**

ઠરાવ:

આઈ.ટી.એક્શન પ્લાન અંતર્ગત કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની આઈ.સી.ડી.એસ. કચેરી હેઠળની વિવિધ કક્ષાની કચેરીઓ (**RDD**, **PO** તથા ઘટક કચેરી) માટે આઈ.ટી. સંબંધિત આઇટમ ડેસ્કટોપ કોમ્પ્યુટર નંગ – ૫૬૧ નંગ ખરીદવા માટે કુલ રૂ. ૨૪૧.૯૪૮૦૮ લાખની રકમ નીચેની શરતોને આધિન તા.૩૦/૦૬/૨૦૨૪ સુધી ગુજરાત સ્ટેટ ફાઇનાન્સીયલ સર્વિસીસ લી. **(GSFS)** ખાતે પાર્ક કરવા આથી મંજુરી આપવામાં આવે છે.

૧. જમા રકમ અંગે તા. ૩૦/૦૬/૨૦૨૪ સુધીમાં અચૂકપણે ખર્ચ/ચુકવણું કરવાનું રહેશે.

૨. કમિશ્નરશ્રી(આઈ.સી.ડી.એસ.), મહિલા અને બાળ વિકાસની કચેરીએ ખાત્રી કરવાની રહેશે કે, **GSFS** માં પાર્ક કરેલી રકમ ઉપર મળેલ વ્યાજની રકમ રાજય સરકાર ખાતે એટલે કે, બજેટ સદર ૦૦૪૯-૦૪-૮૦૦-૨૧ હેઠળ અચૂકપણે જમા કરાવવાની રહેશે.

૩. આ જમા કરાવેલ રકમ જે તે હેતુસર જ ઉપયોગમાં લેવાની રહેશે.

૪. ખર્ચ/ ચુકવણું કર્યા બાદ વધતી રકમ રાજ્ય સરકારમાં પરત જમા કરાવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૮/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.યુ.ગોસાઇ)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

૧. સચિવશ્રી (આ.બા)ના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨. કમિશ્નરશ્રી ,મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.

૩. કમિશ્નરશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.

Signature Not Verified
Signed by:DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.03.28 18:03:48
+05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ

૫. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ

૭. વહીવટી સંચાલકશ્રી, ગુજરાત સ્ટેટ ફાઈનાનન્સીયલ સર્વિસીસ લી., વીંગ-બી ત્રીજો માળ, ખનીજ ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.

૮. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

૯. શાખા સિલેકટ ફાઈલ

Signature Not Verified
Signed by:DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.03.28 18:03:48 +05:30

File No: WCDD/IMR/e-file/23/2024/0362/B (ICDS)
Approved By: Joint Secretary,B (ICDS),WCDD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign